# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

તારીખ : 5/7/19

પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૩/ક્વા-૦૧/૨૦૧૯-૨૦/ 4535-5.

રજી. એડી. પત્ર

પ્રતિ,
શ્રી નવનિધિ એજન્સી
પારસ નગર, જી.આઈ.ડી.સી., મેઈન રોડ, ,
મું. પો. : પોરબંદર, તા. : પોરબંદર, જી. : પોરબંદર-૩૬૦૫૭૭,
મોબાઈલ : ૯૮૭૯૫૨૨૯૫૫

વિષય : વીજ બીલ બાબત.

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૧૦-૦૫-૨૦૧૯.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૩૩/ક્વા-૦૧/૨૦૧૯-૨૦ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગાજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

Consumer Grievance Redressal Forum PGVCL Rajkot

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, પોરબંદર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, પોરબંદર શહેર.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૧ ની વિનિયમ નં.- ૨.૫૨ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, ઉદ્યોગનગર પોરબંદર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com
E-Mail- forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/33/ક્વા-૧/૨૦૧૯-૨૦/ 4535-5 તા. 5/7/19

૨૦૦3 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- 33/ક્વા-૧/૨૦૧૯-૨૦

| | |
|---|---|
| અરજદાર: | શ્રી નવનિધિ એજન્સી ગામ: પોરબંદર |
| રજૂઆત કરનાર: | અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે જીતેન્દ્ર કરશન કોટીયા હાજર રહેલ છે. |

## :: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા: | કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – પોરબંદર શહેર |
| રજૂઆત કરનાર: | કાર્યપાલક ઈજનેર શ્રી ડી. વી. લાખાણી, વિભાગીય કચેરી – પોરબંદર શહેર |

## :: કોરમ ::

૧) કા.વા.ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી
3) મેમ્બર ટેકનીકલ – એન.ડી.ધામેલીયા

| | |
|---|---|
| સુનાવણી સ્થળ: | પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જુનાગઢ |
| તારીખ: | ૨૮-૦૬-૨૦૧૯ (શુક્રવાર) |

Consumer Grievance Redressal Forum PGVCL Rajkot

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૮-૦૬-૨૦૧૯ (શુક્રવાર) ના રોજ રાખવામાં આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર શ્રી નવનિધિ એજન્સી, ગામ:પોરબંદર તેઓની અરજી ના નોંધણી નંબર :33/ક્વા-૧/૨૦૧૯-૨૦ મા જણાવે છે કે, તેઓ ગ્રાહક નં.– ૮૫૯૦૪/૦૨૩૩૭/૫ થી વાણીજય હેતુ માટે નુ વીજજોડાણ નવનિધિ એજન્સી ના નામે ધરાવે છે. સદર જગ્યાની બાજુમાં ખૂલ્લો પ્લોટ આવેલ છે, જેમા માણસો કચરો તથા નકામી વસ્તુ ફેકે છે, અને નિકાલ માટે સળગાવે છે. સદર જગ્યાની બાજુમાં ખૂલ્લા પ્લોટ માથી – સદર વીજજોડાણ ની સર્વિસ પસાર થતી હોય – જેથી, આગના કારણે નીચે આવી ગયેલ છે. જે અંગે – પેટા વિભાગીય કચેરી - ઉદ્યોગનગર મા નિયમાધીન કાર્યવાહી કરવા માટે જાણકારી આપેલ, જે અનુસંધાને – પીજીવીસીએલ દ્વારા સદર સર્વિસ તેમજ મીટર બદલી કરેલ. સદર મીટર નુ લેબોરેટરી ચેકીંગ અરજદાર ના પ્રતિનીધી ની હાજરીમાં કરેલ – જેમાં મીટર સંપુર્ણ રીતે ચાલુ છે, તેમજ જરૂરી ટેસ્ટ કરી ખાત્રી કરેલ, તે બદલ સહી કરી આપેલ હતી. ત્યારબાદ, પીજીવીસીએલ દ્વારા તા.૧૨–૦૪–૧૯ ના રોજ રૂ.૧,૦૪,૨૦૩/– નુ વીજબીલ મોકલાવેલ – જેમા ૧૩,૩૩૮ યુનીટ નુ દર્શાવેલ. જે ખરેખર અયોગ્ય તેમજ ખોટુ છે કારણકે માસીક સરેરાશ ૩૦૦ યુનીટ ની સામે ૧૩,૩૩૮ યુનીટ નો વીજવપરાશ ખોટો જણાય છે. આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે- પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- ગ્રાહકશ્રી નવનિધિ એજન્સી ગ્રા.નં.૮૫૯૦૪/૦૨૩૩૭/૫ થી N.R.G.P. કેટેગરી હેઠળ કરારીત વીજભાર 4.5 kw – થી વાણિજ્ય હેતુ, નુ ધરાવે છે. ઉદ્યોગનગર પેટા વિભાગીય કચેરી પોરબંદર દ્વારા સદર અરજદાર ને પેન્ડીંગ યુનિટ ૧૩૩૩૮ ના બીલની રકમ રૂ.૧૦૪૨૦૩.૧૩ બાબતે ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, રાજકોટને સંબોધીને કરવામાં આવેલી છે.

3.૧ ઉપરોક્ત ગ્રાહક ની તેમનાં વીજ કનેક્શનની સર્વિસ બદલવાની અરજી મળેલ અને આ કચેરી દ્વારા તા.૦૯.૦૪.૨૦૧૯ ના રોજ સર્વિસ બદલવા માટે સ્થળ ઉપર જતાં ત્યાં એલસ્ટર કંપનીનું મીટર જોવા મળેલ હતું અને હાલ આ કંપની બંધ થઇ ગયેલ હોવાથી અને તેનાં સોફ્ટવેર પણ મળી શકે તેમ ન હોવાથી કચેરી દ્વારા જુનું એલસ્ટર કંપનીનું મીટર બદલાવાની પ્રકિયા દરમિયાન ગ્રાહક દ્વારા માત્ર સર્વિસ બદલવાની રજૂઆત કરવામાં આવેલ અને મીટર ન બદલવા વિનંતી કરવામાં આવેલ પરંતુ મીટરની કંપની બંધ થઇ ગયેલ હોય અને સોફ્ટવેર પણ મળી શકે તેમ ન હોય, ગ્રાહકના સ્થળે નવું જીનીયસ કંપનીનું મીટર ગ્રાહકની હાજરીમાં લગાડવામાં આવેલ હતું અને જુનાં મીટરમાં રીડીંગ ૫૩૪૪૫ જોવા મળેલ તેની પણ જાણકારી મીટર બદલાવતી વખતે ગ્રાહકને કરવામાં આવેલી હતી. સદર બાબતે જણાવવાનું કે, ગ્રાહકને ત્યાં લગાવવામાં આવેલ જુનું એલસ્ટર કંપનીના મીટરમાં મીટર બદલાવતી વખતે ૫૩૪૪૫ યુનિટ જોવા મળેલા અને તેમનાં લેજર ૧૪૫ માં નોંધાયેલા યુનિટ ૪૦૧૦૭ જોવા મળેલા. આમ, નોંધાયેલા યુનિટ અને જોવા મળેલા યુનિટનો તફાવત (૫૩૪૪૫-૪૦૧૦૭=૧૩૩૩૮) પેન્ડીંગ યુનિટનું બીલ રૂ. ૧૦૪૨૦૩.૧૩ ગ્રાહકને તા.૧૨.૦૪.૧૯ ના રોજ આપવામાં આવેલ જે આજ દિવસ સુધી ભરપાઈ કરવામાં આવેલ નથી.

3.૨ ઉપરોક્ત વીજ ગ્રાહકનું વીજ મીટર તા.૧૦.૪.૧૯ ના રોજ ગ્રાહકની હાજરીમાં અને અધિકારીઓની હાજરીમાં મીટર ટેસ્ટીંગ લેબ. શહેર વિભાગીય કચેરી, પોરબંદર ખાતે લેબ. ચકાસણી કરવામાં આવેલ અને લેબ. ચકાસણીના રીપોર્ટ મુજબ મીટર બરાબર જોવા મળેલ છે. એટલે કે, મીટરમાં નોંધાયેલ રીડીંગ ૫૩૪૪૫ જોવા મળેલા તે વપરાશ મુજબનાં છે, અને આ રીડીંગ મીટરની ખામીના કારણે નોંધાયેલ નથી પરંતુ વપરાશ મુજબ નોંધાયેલ જોવા મળેલા.

3.3 ઉપરોક્ત ગ્રાહકને મીટરમાં જોવા મળેલ પેન્ડીંગ યુનિટ (૫૩૪૪૫-૪૦૧૦૭=૧૩૩૩૮) યુનિટનું બીલ તા.૧૨.૦૪.૧૯ ના રોજ રૂ.૧૦૪૨૦૩.૧૩ નું આપવામાં આવેલ જેની સામે ગ્રાહક અસમંત હોય, તેમના દ્વારા એમ.આર.આઈ. ડેટા આપવાની અરજી આ કચેરીને મળેલ અને આ કચેરી દ્વારા એમ.આર.આઈ. ડેટા આપવા બાબતે શહેર વિભાગીય કચેરી, પોરબંદરને જાણ કરતાં મીટર ટેસ્ટીંગ લેબ.ના વડા નાયબ ઈજનેરશ્રી દ્વારા જુના એલસ્ટર મીટરની કંપની બંધ થઇ ગયેલ હોય અને સોફ્ટવેર ઉપલબ્ધ ન એમ.આર.આઈ. ડેટા મળી શકે તેમ ન હોય તેવી જાણ આ કચેરીને કરતાં તે બાબતને લગતી જાણકારી આ કચેરી દ્વારા ગ્રાહકને કરવામાં આવેલ અને ગ્રાહકને તેમાં અસંતોષ હોય તકરાર નિવારણ ફોરમ ને બીલ માટે રજૂઆત કરેલ છે.

3.૪ વધુમા- બીલીંગ એજન્સીને ઉપરોક્ત વીજ ગ્રાહકના વીજ મીટરમાં પેન્ડીંગ યુનિટ બાબતનો ખુલાસો માંગવામાં આવેલ અને બીલીંગ એજન્સી દ્વારા તે બાબતને લગતો ખુલાસો પણ આ કચેરીને આપેલ કે જેમાં તેમનાં દ્વારા મીટર રીડર દ્વારા પેન્ડીંગ યુનિટ રાખવાનો સ્વીકાર પણ કરેલ છે એટલું જ નહી પરંતુ મીટર રીડર ને નોકરીમાંથી બરતરફ પણ કરેલ છે અને અન્ય મીટર રીડરોને પેન્ડીંગ યુનિટ ન રાખવા સુચના પણ આપવામાં આવેલ તેવું જણાવેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર શ્રી નવનિધિ એજન્સી, ગામ:પોરબંદર તેઓની અરજી ના નોંધણી નંબર :33/ક્વા-૧/૨૦૧૯-૨૦ મા જણાવે છે કે, તેઓ ગ્રાહક નં.– ૮૫૯૦૪/૦૨૩૩૭/૫ થી વાણીજ્ય હેતુ માટે નુ વીજજોડાણ નવનિધિ એજન્સી ના નામે ધરાવે છે.

૪.૨ સદર અરજદાર દ્વારા તા.૦૪–૦૪–૧૯ થી વીજ મીટરની સર્વિસ બદલાવવાની અરજી અન્વયે, તા.૦૯–૦૪–૧૯ ના રોજ વીજ મીટર તેમજ સર્વિસ વાયર, પર્ફોમા –૧૫ નંબર: ૧૭૮ થી બદલાવેલ, જેની વિગત નીચે મુજબ છે.

| Particulars | Old Meter replace Dt.09.04.19 | New Meter install Dt.09.04.19 | Old Meter-As per MTLab Dt.10.04.19 |
|---|---|---|---|
| Make | Elster | Genus | Elster |
| Meter No | 02318951 | PT 012434 | 02318951 |
| Capacity | 10-60A | 10-60A | 10-60A |
| C. Reading | 53444 | 000001 | 53445 |

ઉપરોકત બાબતે મીટર ટેસ્ટીગ લેબોરેટરી ની ચકાસણી અરજદાર ના પ્રતિનીધી ની હાજરીમાં થયા મુજબ – વીજ મીટર ના રીડીગ ૫૩૪૪૫ નોંધાયેલ છે. ત્યારબાદ, ટેસ્ટીગ દરમ્યાન મીટર નો ડિસ્પલે બંધ થઈ જાતા – મીટર નો ટેસ્ટ લઈ શકાયેલ નથી.

૪.૩ સદર કેઈસ નો અભ્યાસ કરતા – અરજદાર ને પેન્ડીંગ યુનિટ ૧૩૩૩૮ ના બીલની રકમ રૂ.૧૦૪૨૦૩.૧૩ તા.૧૨.૦૪.૧૯ ના રોજ આપવામાં આવેલ છે, જેના વિવાદનો અભ્યાસ કરતા નીચ મુજબ ની વિગતો માલુમ પડેલ છે.

મીટર રીડર દ્વારા, જે તે સમયે પેન્ડીગ યુનીટ રાખવામા આવેલ છે, તે બાબત ની પીજીવીસીએલ ની રજુઆત ના અનુસંધાને – અરજદાર દ્વારા એમ.આર.આઈ. અહેવાલ ની માંગણી કરાયેલ. જેના અનુસંધાને નાયબ ઈજનેર ઉદ્યોગનગર પેટા વિભાગીય કચેરી દ્વારા તા.૦૩–૦૫–૧૯ થી અરજદારને જણાવેલ કે – સદર મીટર નો ડિસ્પલે બંધ છે, તેમજ સદર મીટર ની કંપની બંધ થઈ ગયેલ હોવાથી સોફટવેર ઉપલબ્ધ ન હોય – એમ.આર.આઈ. અહેવાલ મળી શકે તેમ નથી.

૪.૪ સદર ગ્રાહક ના વર્ષ–૨૦૧૭, વર્ષ–૨૦૧૮ તથા વર્ષ–૨૦૧૯ ના વીજવપરાશી યુનીટ ની પેટર્ન તથા મીટર રીડર દ્વારા નોંધાયેલ મીટર રીડીગ નો અભ્યાસ કરતા અનુક્રમે સરેરાશ દ્રીમાસીક ૫૭૫ યુનીટ, ૫૯૨ યુનીટ, ૨૮૨ યુનીટ ના વીજબીલ અપાયેલ છે. આમ, મીટર રીડીગ નો અભ્યાસ કરતા કોઈ પ્રકારની અનિયમીતતા માલુમ પડેલ નથી.
સદર ગ્રાહકનુ વર્ષ–૨૦૧૭ ના મીટર રીડીગ તથા વીજવપરાશનો અભ્યાસ કરતા– સદર થ્રી ફેઇઝ મીટરમાં દ્રીમાસીક સરેરાશ ૫૯૨ યુનીટ નો વીજવપરાશ નોંધાયેલ છે. તેમજ વર્ષ–૨૦૧૮ નો સરેરાશ દ્રીમાસીક વીજવપરાશ ૨૮૨ યુનીટ નોંધાયેલ છે. તેમજ તથા આ ગ્રાહકનો વર્ષ–૨૦૧૯ ના એપ્રીલ માસ સુધીનો દ્રીમાસીક વીજવપરાશ ૨૬૨ યુનીટ નો નોંધાયેલ છે.

૪.૫ તા.૧૯–૦૪–૧૯ ના લેબ ઈન્સપેકશન રીપોર્ટ મુજબ – મીટર નો ડિસ્પલે બંધ થઈ જતા ટેસ્ટ લઈ શકાયેલ નથી. મીટર નો ડિસ્પલે ન મળતા – તેમજ એમ.આર.આઈ. અહેવાલ પણ ન મળતા – મીટર ના એકયુરેસી ટેસ્ટના અભાવે – મીટર ને ફોલ્ટી ગણી શકાય તેમ ફોરમ નુ મંતવ્ય છે. આવા સંજોગોમાં ચેકીગ શીટ મા નોંધાયેલ રીડીગ ''૫૩૪૪૪'' ને માન્ય રાખી શકાય નહી.

૪.૬ સદર કેઈસ મા, અરજદાર ની રજુઆત મુજબ – અરજદારે છેલ્લા ૦૨ વર્ષ માં અરજદાર ના વીજભાર માં પણ કોઈપણ જાતનો વધારો કરાયેલ નથી. આવા સંજોગોમાં વર્ષ–૨૦૧૭ ની સરેરાશ વર્ષ–૨૦૧૮ તથા વર્ષ–૨૦૧૯ મા સમાન થવી જોઈએ. આ અરજદાર ને અપાયેલ (૫૩૪૪૫-૪૦૧૦૭=૧૩૩૩૮) રૂ.૧૦૪૨૦૩.૧૩ નુ પુરવણીબીલ રદ કરી અને નીચે દર્શાવ્યા મુજબ નુ બીલ આપવુ.

૪.૭ *વર્ષ–૨૦૧૭ ( બેઈઝ વર્ષ) : દ્રીમાસીક સરેરાશ વીજવપરાશ ૫૯૨ યુનીટ.
*વર્ષ–૨૦૧૮ : દ્રીમાસીક સરેરાશ વીજવપરાશ ૨૮૨ યુનીટ.

(અ) જેથી, વર્ષ–૨૦૧૭ અને વર્ષ–૨૦૧૮ વચ્ચેનો તફાવત ( ૫૯૨ – ૨૮૨ = ૩૧૦ યુનીટ ) જેથી, ૩૧૦ × ૬= ૧૮૬૦ યુનીટ

*વર્ષ–૨૦૧૯ નો સરેરાશ દ્રીમાસીક વીજવપરાશ ૨૬૨ યુનીટ



Consumer Grievance Redressal Forum PGVCL Rajkot

જેથી, વર્ષ–૨૦૧૭ અને વર્ષ–૨૦૧૯ વચ્ચેનો તફાવત ; ૫૯૨ – ૨૬૨ = ૩૩૦ યુનીટ

(બ) જેથી, માહે જાન્યુઆરી–૧૯ થી માહે એપ્રીલ –૧૯ ના દ્રીમાસીક વીજબીલ ૩૩૦ × ૨ = ૬૬૦ યુનીટ

આમ, કુલ (અ) + (બ) મુજબ – ૧૮૬૦ યુનીટ +૬૬૦ યુનીટ= ૨૫૨૦ યુનીટ નુ પુરવણીબીલ – જે તે માસ ના લાગુ પડતા ટેરીફ મુજબ આપવુ.

૪.૮ સદર કેઈસ મા, ઉપરોકત મુદદા નં. ૪.૭ મુજબ ની વિગતેનો હુકમ કરવામા આવે છે.

૪.૯ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

| | | |
|---|---|---|
| (શ્રીમતી કે. જે. મોટાણી) | (એન. ડી. ધામેલીયા) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેક) | કા.વા.ચેરપર્સન |

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot